સુરત મહાનગરપાલિકાની તા.૩૦–૧૧–૨૦૨૧ ના રોજ મળેલ

માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

*******

સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૧૦૨/૨૦૨૧ થી ભલામણ કર્યા મુજબ, મ્યુ.કમિશનરશ્રીના તા.૨૭–૮–૨૦૧૯ ના પત્ર નં.સી.સ્થા.સ/૨૬૩ માં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં શહેરીજનોને પોષણક્ષમ આહાર મળી રહે તથા પોતાના આસપાસના વિસ્તારમાં તૈયાર/બનાવેલ આહારની લિજ્જત લઈ શકે તે માટે આરોગ્ય વિભાગના ફુડ વિભાગ અંતર્ગત સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં તૈયાર/બનાવેલ આહારનું વેચાણ કરતી મોબાઈલ ફુડ કોર્ટના રજીસ્ટ્રેશન બાબતે નીચે જણાવેલ નીતિ નિયમો, જરૂરી પરમીટ, ફુડ કોર્ટ માટે સ્થળની ફાળવણી, ફુડ કોર્ટ ચાલુ રાખવાના કલાકો નકકી કરવા, વાહનોના દસ્તાવેજ, આરોગ્ય વિભાગની પરમીટ, પરમીટ ફી, પેનલ્ટીની જોગવાઈઓ તથા મોબાઈલ ફુડ કોર્ટ શરૂ કરવા બાબતનું રજીસ્ટ્રેશન ફોર્મ વિગેરે અમલી બનાવવાનું ઠરાવવામાં આવે છે.

<u>**સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં મોબાઈલ ફુડ એકમ માટેના નીતિ–નિયમો:**</u>

- મોબાઈલ ફુડ કોર્ટ/એકમ પાસે સુરત મહાનગરપાલિકાના ફુડ વિભાગ પાસેથી FSSAI સંલગ્ન FBO-FOOD BUSINESS OPERATOR તરીકેનું રજીસ્ટ્રેશન હોવુ/કરાવવુ જરૂરી છે.

- ખાનગી મિલકતમાં મોબાઈલ ફુડ કોર્ટ/એકમ શરૂ કરવા અંગે મિલકતદારની લેખિતમાં પરવાનગી મેળવી તે રજુ કરવાની રહેશે તથા જાહેર સ્થળોએ, જાહેર માર્ગો ઉપર મોબાઈલ ફુડ કોર્ટ/એકમ શરૂ કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ વાર્ષિક ફી ચુકવી પરવાનગી મેળવવાની રહેશે.

- મોબાઈલ ફુડ કોર્ટ વેચાણના સ્થળે કોઈપણ વ્યકિત/સંસ્થાનું પાણી, ગટર કે ઈલેકટ્રીસીટીનો ઉપયોગ કરી શકાશે નહી.

- જાહેર સ્થળોએ/માર્ગો ઉપર ટેબલ/ચેર ગોઠવી શકશે નહી, જો આમ કસુર કરવામાં આવશે તો ₹૨૦૦૦/– નો દંડ કરવામાં આવશે.

- મોબાઈલ ફુડ યુનિટ નજીકના બિલ્ડીંગ/પ્રિમાઈસીસથી ૧૦ ફુટ દુર હોવુ જોઈએ.

- મોબાઈલ ફુડ યુનિટ માત્ર ચાલતા–મુસાફરી કરતા ગ્રાહકોને જ સેવા આપી શકશે. ચાલુ વાહનો અથવા પાર્ક કરેલા વાહનમાં સેવા આપી શકશે નહી. મોબાઈલ ફુડ સર્વિસ ઉપર પ્રતિબંધ છે.

- મોબાઈલ ફુડ યુનિટ ધ્વારા મોટા અવાજે જાહેરાતો કે મ્યુઝિક વગાડી શકશે નહી.

..૨

Scanned with CamScanner

- મોબાઈલ ફુડ યુનિટના વ્હીકલ ઉપર માત્ર ખાદ્યપદાર્થના મેનુ/ભાવપત્રક તથા ઓળખ સિવાય અન્ય કોઈપણ પ્રકારના સાઈનેજીસ/બોર્ડ પ્રદર્શિત કરી શકશે નહી. તમામ પ્રકારના સાઈનેજીસ અને ગ્રાફીકસનું વ્યવસ્થિત ફીટીંગ થયેલુ હોવુ જોઈએ.

- મોબાઈલ ફુડ યુનિટ પાસે મંજુર થયેલ ખાદ્યપદાર્થ તૈયાર કરવાની તમામ સામગ્રીઓ તથા સાધનો વાહન ઉપર જ હોવા જોઈએ.

- મોબાઈલ ફુડ યુનિટમાં યોગ્ય/નિયત સ્થળે સુરત મહાનગરપાલિકાની પરમિટ અને ધંધો કરવાનો પરવાનો દર્શાવવાનો રહેશે.

- મોબાઈલ ફુડ યુનિટ ધ્વારા ગ્રાહકો પાસેથી કચરાનું એકત્રિકરણ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે તથા મોબઈલ ફુડ યુનિટને નિયત કરેલ સ્થળ ઉપર દૈનિક સાફ–સફાઈ કરાવવાની રહેશે.

- ફુડ કોર્ટ સલામત, આરોગ્યપ્રદ અને યોગ્ય વર્તણુંક સાથે ચલાવવી જરૂરી છે. કચરાનો યોગ્ય નિકાલ, બિન–આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ, વધુ પડતો ઘોંઘાટ (મશીનરી/ગ્રાહકો ધ્વારા) થવો, આસપાસના રહીશોને ન્યુસન્સ થાય તેવી પરિસ્થિતીઓમાં આનુષાંગિક કાર્યવાહી બાદ જરૂર જણાયે પરમિટ રદ કરવામાં આવશે અથવા પરમિટ રીન્યુઅલ કરવામાં આવશે નહી.

- મોબાઈલ ફુડ કોર્ટ જયારે વપરાશ અર્થે લેવામાં આવતુ ન હોય તે સંજોગોમાં તે પર્યાવરણીય પ્રદુષણથી મુકત રહેવુ જોઈએ.

- ફુડ કોર્ટમાં ખાદ્યપદાર્થ તૈયાર કરવો, તેનો સંગ્રહ કરવો, ફુડ ડીલીવરી કરવી જેવી સમગ્ર પ્રક્રિયા દરમ્યાન મોબાઈલ ફુડ કોર્ટમાં ખાદ્યપદાર્થની યોગ્ય જાળવણી થઈ શકે તે માટે યોગ્ય/નિયત તાપમાન જળવાઈ રહે તે અતિ આવશ્યક છે અને તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

- મોબાઈલ ફુડ યુનિટમાં વારંવાર હાથ ધોવા માટે અલગથી હેન્ડવોશિંગ સીંકની વ્યવસ્થા જરૂરી છે તથા યુનિટ ઉપર ઉપયોગમાં લેવાતા તમામ પ્રકારના વાસણો અને સાધનો સાફ કરવા માટે પુરતી પાણી ક્ષમતા યુનિટ ઉપર જ ઉપલબ્ધ હોવી જોઈએ.

- મોબાઈલ ફુડ કોર્ટ ઉપર સફાઈ અને સ્વચ્છતા માટે જરૂરી સાધનો મોબાઈલ ફુડ યુનિટ ઉપર જ રાખવા આવશ્યક છે તેમજ સફાઈ અને સ્વચ્છતા બાબતે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમોનું પાલન કરવાનું રહેશે.

- મોબાઈલ ફુડ કોર્ટ ઉપર વપરાતા તમામ પ્રકારના ખાદ્યપદાર્થ જે તે સ્થળે જ તૈયાર કરવા અથવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અધિકૃત કરેલ વ્યકિત/સંસ્થા પાસેથી મેળવવાના રહેશે.

- ફુડ કોર્ટ ઉપર જ મંજુર લેખિત પ્લાન મુજબ અથવા અધિકૃત લાયસન્સ પ્રાપ્ત સંસ્થા ધ્વારા જ વેસ્ટ વોટર અને કચરાને સ્વાસ્થયપ્રદ રીતે મોબાઈલ ફુડ યુનિટ ઉપરથી દુર કરવો.

Scanned with CamScanner

- સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ કલર કોડ (રંગ) મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ (વ્હીકલ) ઉપર ફરજિયાતપણે કરાવવાનો રહેશે.

- તમામ મોબાઈલ ફુડ કોર્ટે ધી કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ,૧૯૭૯ અને ધી કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) (ગુજરાત) રૂલ્સ, ૧૯૭૨ મુજબ વખતો–વખત થતા સુધારા મુજબ તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.

- "O" દબાણવાળા રૂટ ઉપર મોબાઈલ ફુડ કોર્ટને ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવશે નહી તથા "O" દબાણવાળા રૂટના નીતિનિયમોનું પાલન કરવાનું રહેશે.

- મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ ઉપર જરૂરીયાત મુજબ ફાયર એક્ષ્ટીંગ્વીશર બોટલ મુકવાની રહેશે તથા તેનો રાખ–રખાવ સુનિશ્ચિત કરવાનો રહેશે.

## ફુડ ટ્રક લાયસન્સ અને પરમિટ

### વાહનનું દસ્તાવેજીકરણ

- મોબાઈલ ફુડ કોર્ટએ ઓન–વ્હીકલ ચલાવવામાં આવતો હોય, વાહનનું રોડ ટ્રાન્સપોર્ટ ઓફિસમાં ફરજિયાત રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હોય તથા સક્ષમ ઓથોરિટીનું ડ્રાઈવર લાયસન્સ પણ ઈસ્યુ થયેલ હોવુ જરૂરી છે. મોબાઈલ ફુડ કોર્ટ ઓપરેટ કરવા માટે ઓછામાં ઓછા એક વ્યકિત કે જેની પાસે કોમર્શિયલ/ટ્રાન્સપોર્ટ વ્હીકલનું લાયસન્સ હોય તેને ડ્રાઈવર તરીકે ફરજ ઉપર રાખવાના રહેશે.

### ફુડ લાયસન્સ રજીસ્ટ્રેશન

- મોબાઈલ ફુડ કોર્ટ ઓપરેટ કરવા માટે ફુડ લાયસન્સ/રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

- મોબાઈલ ફુડ કોર્ટ ઓપરેટ કરવાની પરમિટ માટે સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરી લાગત ડોકયુમેન્ટ ઓનલાઈન અપલોડ કરી લેવાની રહેશે.

- રજીસ્ટ્રેશન થયા બાદ ડોકયુમેન્ટ વેરીફીકેશન તથા સ્થળ તપાસ કર્યા બાદ મોબાઈલ ફુડ કોર્ટ ઓપરેટ કરવાની પરમિટ આપવામાં આવશે.

### આરોગ્ય વિભાગની પરમિટ

- જે રીતે કોઈપણ રેસ્ટોરન્ટ/હોટેલની આરોગ્ય વિભાગ ધ્વારા સ્થળ તપાસ અને નિરીક્ષણ કરવામાં આવે છે તે જ રીતે મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ (સ્ટોર/કમિસરી) નું પણ જરૂર જણાયે જાહેર આરોગ્ય ન જોખમાય તે હેતુથી હેલ્થ એન્ડ હાઈજીન સંદર્ભે તથા ફુડ કોર્ટમાં બનાવવામાં આવતા ખાદ્યપદાર્થની યોગ્ય જાળવણી કરવામાં આવે છે કે કેમ તેની ચકાસણી બાદ જ પરમિટ કે મંજુરી આપવામાં આવશે.
- નાના ટેમ્પા (ત્રણ ચક્રિય) ધ્વારા લાયસન્સ ફી પેટે વાર્ષિક ₹ ૫,૦૦૦/– અને મોટા ટેમ્પા (ચાર ચક્રિય) ધ્વારા ₹ ૭,૫૦૦/– ચુકવવાની રહેશે.

Scanned with CamScanner

- મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ ઓપરેટ કરવા અંગે પરમિટ ફી નકકી કરવી તથા વખતો–વખત તેમાં સુધારા–વધારા કરવાની સત્તા સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાને રહેશે.

**પરમિટ માટેની જરૂરી માહિતી**

સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ ઓપરેટ કરવા પરમિટ જરૂરી છે, નવી/રીન્યુઅલ નાણાકિય વર્ષ (૧–એપ્રિલ થી ૩૧–માર્ચ) ના સમયગાળા માટે માન્ય ગણાશે. મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટની પરમિટ માટે અરજી સાથે નીચે મુજબની માહિતીઓ સામેલ ફોર્મેટ મુજબ રજુ કરવાની રહેશે.

- મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટનું નામ
- મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટના વાહનનો રજીસ્ટ્રેશન નંબર, મોડેલ નંબર
- માલિકનો કોન્ટેકટ નંબર
- ઓપરેટરનો કોન્ટેકટ નંબર
- મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટનો પ્રકાર–ઓનસ્ટ્રીટ/ઓન સર્વિસ રોડ/પાર્કડ ઈન ફુડ કોર્ટ (SMC અધિકૃત)
- નિયત કરેલ સ્થળની વિગત જો કોઈ શીડયુલ નકકી કરવામાં આવેલ હોય તેની વિગત
- ખાનગી માલિકીની જગ્યા ઉપયોગ અર્થે લેવામાં આવે તે કિસ્સામાં પરવાનગી પત્રની ખરી નકલ

**સ્થળ તથા સમયની મંજુરી**

- મોબાઈલ ફુડ કોર્ટ ઉભી રાખવાના સમય માટે લાગત ઝોનના આરોગ્ય વિભાગના નાયબ આરોગ્ય અધિકારીશ્રીની પરવાનગી લેવાની રહેશે.
- મોબાઈલ ફુડ કોર્ટનું મોનીટરીંગ લાગત વોર્ડ ઓફીસના એસ.આઈ./એસ.એસ.આઈ. ધ્વારા કરવામાં આવશે.

**પરમિટ સમીક્ષા**

- પરમિટની સમીક્ષા અને નવી પરમિટ માટેની અરજી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં કરવાની રહેશે.
- મોબાઈલ ફુડ કોર્ટનું મોનીટરીંગ લાગત લોકેશનની વોર્ડ ઓફીસના એસ.આઈ./ એસ.એસ.આઈ. ધ્વારા કરવામાં આવશે.

Scanned with CamScanner

- મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ ઓપરેટ કરવા અંગે પરમિટ ફી તથા પેનલ્ટી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા લેવામાં આવશે.

**<u>સ્પેશિયલ અથવા એક કરતા વધુ મોબાઈલ ફુડ યુનિટની ઈવેન્ટ્સ</u>**

- સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા આયોજકની જરૂરીયાત, હેતુના સંદર્ભે સ્પેશિયલ અથવા એક કરતા વધુ મોબાઈલ ફુડ યુનિટની ઈવેન્ટ્સનું આયોજન કરવા મંજુરી આપવામાં આવશે.

**<u>પેનલ્ટીની જોગવાઈઓ</u>**

| અ.નં. | કલમનો પ્રકાર | પ્રથમ ગુનો | દ્વિતીય ગુનો | તૃતીય ગુનો |
|---|---|---|---|---|
| 1 | જાહેર સ્થળોએ/માર્ગો ઉપર ટેબલ/ચેર ગોઠવવી | ₹ 2000 | ₹ 5000 | પરમિટ રદ |
| 2 | આસપાસના વિસ્તારમાં કચરો ડમ્પ કરવો(નાંખવો) | ₹ 500 | ₹ 1000 | પરમિટ રદ |
| 3 | ઉપર જણાવેલ શરતો/નીતિ–નિયમોનો ભંગ કરવો | ₹ 500 | ₹ 1000 | પરમિટ રદ |

**સુરત મહાનગરપાલિકા**

**<u>મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટના રજીસ્ટ્રેશન માટેનું એપ્લીકેશન ફોર્મ</u>**

| | | | |
|---|---|---|---|
| 1. | ધંધા (મોબાઈલ ફુડ કોર્ટ/યુનિટ) નું નામ | : | |
| 2. | માલિક/ ઓપરેટર નું નામ | : | |
| 3. | ધંધો/વ્યવસાય ઈન્કોર્પોરેશન લી. છે કે નહી ? | : | હા / ના |
| 4. | અધિકૃત વ્યકિત/માલિકનું પુરૂ સરનામુ : | | |
| | મોબાઈલ નંબર | : | |
| | આઈ.ડી. પ્રુફ નંબર અને ખરી નકલ | : | |
| 5. | ફુડ કોર્ટ/વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને ખરી નકલ | : | |
| 6. | ફુડ સર્ટીફિકેટ/લાયસન્સ નંબર અને ખરી નકલ | : | |
| 7. | વાહનનો પ્રકાર | : | LMV MMV HMV |
| 8. | ધંધાનો પ્રકાર | : | ટીફીન સેન્ટર ફાસ્ટ ફુડ અન્ય<br>અન્ય હોય તો.............................. |

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| 9. | નીચે મુજબ પરવાનગીઓ મેળવેલ છે– | | |
| | RTO | | |
| | 1. RC BOOK/CARD | : | |
| | 2. PERMIT DL | : | |
| | 3. FITNESS CERTIFICATE | : | |
| | 4. PUC CERTIFICATE | : | |
| | 5. INSURANCE | : | |
| | NOC From Health Department-SMC* | : | |
| | FSSAI License/Registration No. | : | |
| | માલિકનું બાંહેધરીપત્રક(ખાનગી માલિકીના જમીનના કિસ્સામાં) ખરી નકલ | : | |
| X 10. | કોમર્શિયલ ગેસ કન્ઝ્યુમર નંબર | : | |
| 11. | નીચે મુજબ સુવિધાઓ છે – | | |
| | A. Hand Washing | : | YES / NO |
| | B. Drinking Water | : | YES / NO |
| | C. Garbage Handling Facility | : | YES / NO |
| 12. | મોબાઈલ ફુડ યુનિટ માટેના સ્થળ/જગ્યા (સ્થળનો રફ સ્કેચ/નકશો જોડવો) | : | |
| 13. | મોબાઈલ ફુડ યુનિટ માટે નિયત/સૂચિત સમય * | : | |
| 14. | મોબાઈલ ફુડ યુનિટમાં રોકાયેલ કામદારો/વ્યકિતની માહિતી– (આઈ.ડી.પ્રુફની ઓછામાં ઓછા એક વ્યકિત પાસે ટ્રાન્સપોર્ટ/કોમર્શિયલ ડ્રાઈવીંગ લાયસન્સ હોવુ જરૂરી છે) | | |
| | 1. | : | |
| | 2. | : | |
| | 3. | : | |
| | 4. | : | |
| 15. | વ્યકિતનું નામ અને | : | |
| | ટ્રાન્સપોર્ટ/કોમર્શિયલ ડ્રાઈવીંગ લાયસન્સ નંબર | : | |
| 16. | સીકયુરીટી ગાર્ડનું નામ (જો હોય તો) અને એજન્સીનું નામ (આઈ.ડી.પ્રુફ ની ખરી નકલ) | | |
| | 1. | : | |
| | 2. | : | |
| 17. | અન્ય વધારાની માહિતી (જો લાગુ પડતી હોય તો) | : | |

..............................

અરજદારની સહી

Scanned with CamScanner

## અન્ડરટેકિંગ

- મોબાઈલ ફુડ યુનિટ/કોર્ટની પ્રવૃતિ કાયદાઓ, નિયમો તથા જાહેરનામાનો વખતોવખત મુજબ જ અનુસરવામાં આવશે.
- મોબાઈલ ફુડ યુનિટ/કોર્ટ ધ્વારા કોઈપણ વ્યકિત/સંસ્થાને નુકશાન/ન્યુસન્સ થશે નહી.
- મોબાઈલ ફુડ યુનિટ/કોર્ટ ધ્વારા કોઈપણ વ્યકિત/સંસ્થા/વસ્તુને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નુકશાન થશે તેની સંપુર્ણ જવાબદારી મેનેજમેન્ટ/અધિકૃત વ્યકિતની રહેશે.
- કાયદા/નિયમોના ઉલ્લંઘન બાબતે ઓર્ગેનાઈઝર/મેનેજમેન્ટ સામે કાયદાકીય/ફોજદારી પગલા લેવામાં આવશે.
- પરમિટ કોઈપણ સમયે કોઈપણ કારણો આપ્યા વિના રદ થઈ શકે છે.
- સદર પરમિટ ફકત નાણાંકીય વર્ષ (૧–એપ્રિલ થી ૩૧–માર્ચ) ના સમયગાળા માટે જ માન્ય ગણાશે.
- નીચે મુજબના દસ્તાવજો બિડવામાં આવેલ છે–

| | | |
|---|---|---|
| a) Vehicle Documents (RC/Permit/Fitness/Insurance/PUC) | : | YES / NO |
| b) Food License Registration | : | YES / NO |
| c) NOC from Fire Department-SMC | : | YES / NO |
| d) Rough Sketch of the location(If in a Private Property) | : | YES / NO |

મેં/અમો ધ્વારા ઉપરોકત નિયમો વાંચ્યા છે અને તેમનું પાલન થાય તે મુજબની બાંહેધરી આપુ છું.

તારીખ– (સિક્કો) ............................ અરજદારની સહી

**ઠરાવ નં.૩૨૦/૨૦૨૧ સર્વાનુમતે મંજુર.**

પોલીસી ફાઈલ નં. ૮૭૭

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

ડે.મ્યુ.કમિશનર
અને
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૧–૧૨–૨૦૨૧

DMC(HEH)
/
MOH

DCHH/IN 4655
Date 04/12/2021

**Received On**
**Dt.** 3-12-21

નં.ચી સા.શા/કા/338
તા.૪/૧૨/૨૦૨૧

UDT

Scanned with CamScanner